સુરત મહાનગરપાલિકા

જાહેરનામું

* * *

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ COVID-19ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે અને ભારતમાં પણ COVID-19ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી ધ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ COVID-19ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. સુરત શહેરમાં કોરોના વાઇરસના સંક્રમણને ધ્યાને લેતા સેન્ટ્રલ ઝોનના કેટલાક વિસ્તારમાં ગીચ વસ્તી હોવાને કારણે સોશીયલ ડીસ્ટન્સીંગ (Social Distancing) જળવાવુ જોઈએ તે જળવાતું નથી. જેથી નોવેલ કોરોના વાયરસ COVID-19નું સંક્રમણ ફેલાવવાની ઘણી શકયતાઓ રહેલી છે.

આથી હું બંછાનિધિ પાની,IAS, કમિશનર, સુરત મહાનગરપાલિકા, સુરત ગુજરાત રાજય એપેડેમીક ડીઝીસ એકટ-૧૮૯૭ ની કલમ-૨, ૩ અને ૪ થી પ્રાપ્ત સત્તા અન્વયે તથા ગુજરાત રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક નં. .NCV/102020/SF-1/G, Date:-20/03/2020ના પેરા નં.૧૧ થી મળેલ અધિકારની રૂએ સુરત મહાનગરપાલિકામાં આવેલ સેન્ટ્રલ ઝોનના (૧) નાનપુરા LIC ક્વાટર્સ થી કાદરશાની નાળ સર્કલ થી સીમ્ગા સ્કુલ રોડ થી ક્ષેત્રપાલ મંદિર રોડ થી મોલવી સ્ટ્રીટ થી રાજેશ્રી ટોકીઝ રોડ થી નવસારી બજાર પોલીસ સ્ટેશન થી ન્યુ ખ્વાજાદાના રોડ થી ખંડેરાવપુરા રોડ થી એકતા સર્કલ થી નાનપુરા LIC ક્વાટર્સ સુધીના વિસ્તારમાં આવેલ ૪૫૫૬ ઘરમાં રહેતા ૨૨૩૮૬ લોકો (૨) ચૌટાબજાર જમનાદાસ ઘારીવાલા થી લાલગેટ થી ભાગળ ચાર રસ્તા થી ડાબી બાજુ ભાવનગરી શેરી રોડ થી બી.પી. હેલ્થ સેન્ટર રોડ થી તક્ષશીલા એપાર્ટમેન્ટની બાજુમાં થી ચૌટાબજાર સાઈબાબા મંદિર થી ચૌટાબજાર જમનાદાસ ઘારીવાલા સુધીના વિસ્તારમાં આવતા ૧૫૨૧ ઘરમાં રહેતા ૪૦૪૭ લોકોને CLUSTER તરીકે જાહેર કરી બીજો હુકમ ન થાય ત્યાં સુધી ફરજીયાત હોમ કવોરોન્ટાઈનમાં રહેવા હુકમ કરુ છું.

ઉપરોકત હુકમનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અન્યથા સદર હુકમનો અનાદર કરનારની સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

નં.પી.આર.ઓ./ ૨૧૧ ૨૦૨૦-૨૧

તા.૧૪/૦૪/૨૦૨૦

કમિશનર

સુરત મહાનગરપાલિકા